

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કાશ્મીરમાં તો હવે સીમા જેવું રહ્યું છે જ ક્યાં ?*
*કરે આવ-જા ચીન, એને તો કૈં કહ્યું છે જ ક્યાં ?*
*ચિંતા નથી નાકની ચૂંટણીમાં ખૂંપેલા નેતા ને -*
*સહે છે શહીદો, એમનું ટીપું ય વહ્યું છે જ ક્યાં ?*
*('ચૂંટણી' એ જ એમનો વિકાસ)*

### હાઈકુ

*પડી સત્તાની,*
*પદ ભૂખ્યા નેતાને -*
*સીમાડા સૂના...*

*પ્રચાર વિના*
*બીજો ન કાંઈ ધંધો*
*સીમાડા રેઢા...*

### ચિંતન

**કથં મનસ આત્મત્વં કરણસ્ય દૃગાદિવત્ ।**
**કર્તુપ્રયોજ્યં કરણં ન સ્વયં તુ પ્રવર્તતે ॥**

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત સિદ્ધાંત સાર સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

મન આત્મા કેવી રીતે હોય ? એ તો ચક્ષુ આદિની જેમ કરણ (એક જાતની ઈંદ્રિય) છે. જે કરણ હોય તે તો બીજા કોઈ કર્તા દ્વારા પ્રયોજાતું હોય તો પોતે પોતાની મેળે કોઈ પ્રવૃત્તિ કરતું નથી.

આત્મા પણ એક જાતની અદૃશ્ય ઈંદ્રિય જ છે કારણ કે તે પણ મનની જેમ ઈન્દ્રિયો અને વિચાર દ્વારા માણસને પ્રવૃત્ત કરે છે.

આત્મા કે મન આદેશ આપી શરીરને પ્રવૃત્ત રાખે છે.

### સુવિચાર

- માણસે ક્યારેય પોતાની જાતને પણ કહેવું જોઈએ 'આઈ લવ યુ' - **લુઈ એન્સપોશ**
- પ્રત્યેક માનવી બગડેલો પરમાત્મા છે - **એમર્સન**
- કોઈ પણ લડાઈમાં જીતવું મહત્વનું નથી, મહત્ત્વ તો એ વાતનું છે કે તમે કયા આદર્શ કે હક માટે લડ્યા - **બર્નાડ શો**
- જે તમને બીજામાં ન ગમતું હોય, તે તમે તમારામાં પણ ન રહેવા દો - **રોહિત શાહ**
- મેં ઊંચાઈથી દુનિયા જોઈ ન હતી ત્યાં સુધી હું એમ જ માનતો હતો કે હું જ દુઃખી છું, પણ આજે જોતાં એમ લાગે છે કે આ દુઃખની આગ ઘેર ઘેર લાગેલી છે - **સંત કવિ ફરીદ**
- સારા માણસનું મન અરીસા જેવું છે, એમાં કશું સંઘરાતું નથી, કશું સંતાડી શકાતું નથી, એને જે દેખાય છે તે તરત બતાવી દે છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : ગભરામણ થતી હોય, થાક લાગ્યો હોય તો ચારોળીના દસ દાણા ખૂબ ચાવીને ખાઈ જવાની ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક પરબ પર પાણી પીવડાવવા માટે બેઠેલી બેનને એની એક સહેલી મળવા આવી. તેણે કહ્યું, 'થોડી વાર પરબની સેવા મૂકો તો આપણે મંદિર જઈ આવીએ.' પેલી બેને કહ્યું, 'પણ મને પરબથી છોડાવનાર કોઈ નથી, અચાનક કોઈ પાણી પીવા આવે તો એ નિરાશ થાય. આવનારની રાહ જોવાની ને એણે પાણી પીવડાવવાનું મને સોંપેલી જવાબદારી છે.'

સહેલી કહે, ''અરે જવા દે ને બેન, આ બધું દોઠ જ ડહાપણ! જેણે પાણી પીવું હશે તે કંઈ થોડો તરસ્યો પાછો જવાનો છે ? એના કરતાં મંદિરે આવીશ તો કલ્યાણ થશે.'

પરબ પર બેસેલી બેને કહ્યું, 'જવાબદારી એટલે જવાબદારી, મારા કર્તવ્યમાં હું ચૂક નહીં કરું, તારે જવું હોય તો તું જા...'

એક સામાન્ય લાગતી પરબવાળી બહેને જીવનમાં કર્તવ્યનું મહત્ત્વ કેવી સુંદર રીતે સમજી લીધું હતું. કર્તવ્યની ભાવના હૈયાનો વિષય છે હોઠનો નહીં, એમાં ઠોઠ કે વિદ્વાનનો ભેદ નહીં પણ દાનત કેન્દ્ર સ્થાને છે.

જવાબદારીની સમજણ વગરનો વિદ્વાન જીવનશાળાનો અબૂધ નિશાળિયો જ ગણાય.

# 'હિંદુ પાકિસ્તાન' વાળું નિવેદન કમનસીબ

**તંત્રીસ્થાનેથી...**

યુનાઈટેડ નેશન્સમાં ઉચ્ચ પદ પર સેવાઓ આપી ભારતીય રાજકારણમાં પાછા ફરેલા સોહામણા દક્ષિણ ભારતીય નેતા શશી થરુર એમનાં ત્રીજી વારનાં પત્ની સુનંદાના વિવાદાગ્રસ્ત મૃત્યુના મુદ્દે ચર્ચાની ચકડોળે ચડેલા છે. એમની સામે સુનંદાના મૃત્યુ સંદર્ભે સીબીઆઈએ કેસ પણ દાખલ કર્યો છે જેમાંથી તેઓ અદાલત મારફત જામીન મેળવી શક્યા છે. હમણાં એમણે કોંગ્રેસના નેતાઓ માટે એક વિવાદાસ્પદ વિધાન કરીને નવી મુશ્કેલી સમજી છે. ૨૦૧૯માં ભાજપ ફરી વાર સત્તા પર આવશે તો તે એવા હિંદુત્વ એજન્ડાનો અમલ કરશે એવી દહેશત વ્યક્ત કરવા માટે એમણે જે શબ્દોનો પ્રયોગ કર્યો તે કોઈ પણ ભારતીયને છાજે એવા નથી. એમણે ભાજપ પાસે લોકસભા અને રાજયસભામાં પૂરતી બહુમતી થઈ જતાં એ સંઘની હિંદુ રાષ્ટ્રની સંકલ્પના સાકાર કરવા આગળ વધશે એવું નિવેદન કરવાને બદલે ભારત 'હિંદુ પાકિસ્તાન' બની જશે એવું નિવેદન કરી બીજાઓ કરતાં પોતે કંઈક વિશિષ્ટ ભાષા વાપરી શકે છે એવું બતાવવાનો પ્રયાસ કર્યો છે. ખુદ રાહુલ ગાંધી કે ગુલામનબી આઝાદ અને દિગ્વિજયસિંહ જેવા કોંગ્રેસી નેતાઓ ભાજપને મુસ્લિમ વિરોધી ચિતરતા રહ્યા છે. પરંતુ ભાજપને 'હિંદુ પાકિસ્તાન' ની સંઘની સંકલ્પના સામે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષો મહદંશે વિરોધમાં જ રહ્યા છે. હિંદુ 'રાષ્ટ્ર' નું ખુલ્લું સમર્થન તો ખુદ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ નથી કરતા. એમણે પણ બંધારણની મર્યાદાઓ નડે છે. માત્ર શિવસેના જ 'હિંદુપત પાદશાહી' ની શિવાજી પ્રેરિત વિભાવનાનો સ્વીકાર કરીને ચાલે ઓછે. શશી થરુર જયારે દેશ 'હિંદુ પાકિસ્તાન' બની જશે એવો ભય બતાવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ રાજકારણમાં ગરમાવો આવે. 'પાકિસ્તાન' એ 'હિંદુસ્તાન'નો વિરુદ્ધાર્થી શબ્દ બની ચૂકેલ છે. હકીકતમાં મહમદ અલી ઝીણાએ જે અલગ રાષ્ટ્ર ધર્મના આધારે માગ્યું હતું એનો 'પાકિસ્તાન' જેવું રૂપકડું નામ અપાયું ત્યારે તો એક પવિત્ર રાષ્ટ્રનું નિર્માણ થઈ રહ્યું હોવાનો ખ્યાલ હવામાં હતા. પાક એટલે પવિત્ર. પરંતુ પછી શું થયું તે સર્વવિદિત છે. પાકિસ્તાન 'નાપાક' દેશ તરીકે વગોવાઈ ચૂક્યું છે. 'હિંદુ પાકિસ્તાન' કહેવા પાછળ શશી થરુરનો આશય ૨૦૧૯ પછી ભાજપ શાસન રહેશે તો ધર્મ આધારિત હિંદુ રાષ્ટ્ર જેવા જ દેશનું નિર્માણ થઈને રહેશે એવો હતો. પરંતુ આ જ વાત કહેનારા અન્ય કોંગ્રેસી નેતાઓ કે સામ્યવાદીઓ કરતાં એમને જુદી અને જલદ શબ્દાવલી વાપરીને ખુદ કોંગ્રેસ પાર્ટીનો પણ ખોફ વહોરી લીધો છે. લોકશાહીને વરેલ ભારત કયારેય 'પાકિસ્તાન'ન જ બની શકે, એવું નિવેદન કરીને ભાજપના આગેવાનો ઉપરાંત ખુદ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તાએ પણ શશી થરુરના નિવેદનને કોંગ્રેસના અધિકૃત નિવેદન તરીકે નકારી કાઢી એમનો અંગત અભિપ્રાય ગણાવી ઉતારી પાડ્યું પડ્યું છે. કોલકાત્તામાં શશી થરુરના આ નિવેદન સામે અદાલતમાં દાદ માગવામાં આવી છે અને અદાલતે એ મંજૂર રાખી છે. કયારેક દોઢડાહ્યા આગેવાનો પાર્ટી માટે અસ્કામતને બદલે બોજ બની રહેતા હોય છે. શશી થરુર એનું જ્વલંત દૃષ્ટાંત છે.

## બીન ખેતીની અરજીનો ત્વરીત નિકાલ કરવા માટે કાર્યરીતી સરળ બનાવાઈ : સબંધીત અરજીની કામગીરી ૨૧ દિવસમાં પૂર્ણ કરવાનો સમયગાળો નિર્ધારીત કરવામાં આવ્યો છે



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

જમીન ખેતીમાંથી બીન ખેતીમાં ફેરવવી એ અભિમન્યુના સાત કોઢા વિંધ્યા બરાબર હતુ જે હવેથી સરળીકરણ કરવામાં આવ્યું છે તલાટીથી લઈ કલેકટર કચેરી તથા સંલગ્ન કચેરીઓ જેવી કે જીલ્લા પંચાયત, નેશનલ હાઈવે, જમીન સંપાદન ઓથોરીટી, ઓએનજીસી જેવી સંસ્થા ઓફિસના નો ડયુ લાવી અરજદારનો દમ નિકળી જતો હતો એક ઓફિસથી બીજી ઓફિસ બાઈબાઈ ચારણીની જેમ ભટકવું પડતું હતું. લગભગ ૧૭ જેટલા ટેબલે અરજદારે ફરવું પડતું હતું હવેથી આ કામગીરીમાં તલાટી તથા પ્રાંતની બાદબાકી કરવામાં આવી છે પરંતુ ગણોત ધારાની કલમ ૪૩ મુજબની નવી શરતની જમીનના હેતુ ફેર માટેની અરજીમાં પ્રાંત અધિકારીના અભિપ્રાય મેળવવા ફરજીયાત છે.

જમીનના બીન ખેતીના કાર્યમાં ભ્રષ્ટાચારની વ્યાપક ફરીયાદો ઉઠવા પામતી અને રેવન્યુ તંત્ર બદનામ થઈ ગયેલ છે હવેથી તલાટી કારકુન તથા શિરેસ્તેદાર તથા પ્રાંત પાસે જુની શરતની જમીનના એનએની ફાઈલ ના જતા અડધી મંઝીલ ઘટી જવા પામતા સમય અને પૈસાનો બચાવ થશે.

મામલતદારે જમીનના તમામ પુરાવાને ખરાઈ કરી સીધી ફાઈલ જમીન શાખાને જ સુપ્રત કરી દેવામાં આવતા સમયનો બચાવ થશે જે લગભગ એક મહિના જેટલો સમય વ્યય થતો બચી જતા અરજદારને ધક્કા ખાવામાંથી રાહત મળશે તથા જમીન ઝડપી એનએ થતા બાંધકામ ઝડપી કરવામાં આવશે.

બીન ખેતીની અરજીમાં પંચ રોજકામ કરવા માટે તલાટીની જરૂર પડતી, ગ્રામ્ય કક્ષાએ તલાટીની ખેંચ હોવાથી અન્ય ચાર્જમાં હોય સમયસર તલાટી/મંત્રી ના મળવાની બુમ ઉઠવા પામેલ જેનાથી અરજી વિલંબમાં મુકાતી પંચ રોજકામને બદલે ગણોત ધારા કલમ ૪૩ અને નવી શરતમાં ફેરફારની અરજીઓમાં અરજદારે જમીનની ચારે દિશાઓની વિગતો સ્પષ્ટ રીતે દેખાય તેવા ફોટોગ્રાફ સાથે અરજદારનું સોગંદનામું અરજી સાથે જોડવાનું રહેશે જનસેવા કેન્દ્રએ આવી અરજી ચકાસી ત્વરીત જે તે શાખામાં કામગીરી માટે મોકલવાની રહેશે અને સબંધીત કચેરીએ અભિપ્રાય દરખાસ્ત પુરાવા જોઈને સીધો જમીન શાખાને મોકલી આપવાનો રહેતા અરજદારને ટેબલે ટેબલે ફરવામાંથી મુક્તિ મળશે.

એક વખત સબંધીત કચેરીના ના વાંધા પ્રમાણપત્ર મળ્યાબાદ ફરીવાર તેનું પુનરાવર્તન કરવાનું બંધ કરવામાં આવ્યું છે જેથી એક સમયે અરજી ના મંજુર થાય તો નવેસરની અરજીમાં જે તે કચેરીના ના વાંધા પ્રમાણપત્રો મેળવ્યા હોય તે ફરીથી મેળવવાની જફામાંથી મુક્તિ આપવામાં આવી છે.

સબંધીત અરજીની કામગીરી ૨૧ દિવસમાં પૂર્ણ કરવાનો સમયગાળો નિર્ધારીત કરવામાં આવ્યો છે ત્યારબાદ જીલ્લા કલેકટરશ્રીને મળી રજુઆત કરી સબંધીત અધીકારીનો વિલંબ બદલ ખુલ્લાસો માંગવામાં આવતા ૨૧ દિવસથી વધારે સમય ના લેવાતા અરજીનો ઝડપથી નિકાલ કરવામાં આવશે. ૨૧ દિવસમાં જે તે અધિકારીનો જવાબ અભિપ્રાય ના આપવામાં આવતા અરજીનો યોગ્ય નિકાલ કરી દેવામાં આવશે અને બીન ખેતી કે જુની શરતની જમીન ફેરવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે ત્યારબાદ જો કોઈ તકરાર કે વાંધાઓ ઉપસ્થિત થશે તો તે સત્તાધિકારીની અંગત જવાબદારી રહેશે તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

રાજય સરકો જયારે પ્લાન મંજુર કરવાની પ્રક્રિયા ઓનલાઈન કરી દિધી છે તો બીન ખેતીની પરવાનગી માંગતી ફાઈલમાં અરજદાર પાસેથી હવેથી મંજુર થયેલા નકશા લે આઉટ પ્લાન રજુ કરવાનો આગ્રહ ના રાખતા સૂચના અપાઈ છે સબંધીત માહિતી જે તે અધિકારી જે તે સર્વે નંબર લગત ઓનલાઈન રેકર્ડ ચકાસી શકે છે જેથી ફાઈલના તુમાર થતા અટકશે અને પેપર લેસ પણ બનશે.

બીન ખેતીમાં તમામ પ્રકરણો પુરા થાય ત્યારબાદ મામલતદાર ફાઈલને પ્રાંત અધિકારી પાસે મોકલતા પાછી તે ફાઈલ જમીન શાખામાં મોકલતા તે આંટાફેરા બંધ થતા સમયનો બચાવ થશે ત્યારબાદ બીન ખેતીનું જે ચલણ ભરવાનું પ્રિમિયમનું થતું હોય તે ચલણથી ટ્રેઝરીમાં જમા કરાવતા ફાઈલ સીધી જમીન શાખામાં પહોંચી જશે આવી પ્રક્રિયામાં ૮ થી ૨૧ દિવસનો સમય વ્યય થતો હતો તે હવે ગણોત શાખા દ્વારા શરત ફેર કરવા પરવાનગી આપતા દરમ્યાન જે અભિપ્રાયો મેળવ્યા હોય તો તે ફાઈલ બીન ખેતી ત્યારે પરવાનગી માટે આવે ત્યારે ફરી અભિપ્રાયને ટેબલે ટેબલે ફેરવવાને બદલે કલમ ૪૩ અને ૬૩ તથા ૬૩(એ) ની પરવાનગી માંગતી ફાઈલો સીધી જમીન શાખાને સુપ્રત કરવા મામલદારને સૂચના આપવામાં આવી છે.

એક એનએની ફાઈલમાં ૧૦ જેટલા અભિપ્રાય મેળવવાના થાય છે આથી અરજદારને ઘણીવખત જે તે ટેબલે અભિપ્રાય માટે ફાઈલ પડી હોય તો ધક્કા ખાઈ કિલયર કરાવવી પડતી જેમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ પણ વધતું એકવાર આવેલ અભિપ્રાય મેળવ્યા બાદ અરજદારે પુનઃ અભિપ્રાય મેળવવો ના પડતા ફાઈલ ના મંજુર થતા અટકી હોય ત્યાંથી જ ફાઈલ આગળ ચલાવવા પુનઃ અરજ કરવી પડશે નવેસરથી તમામ પ્રક્રિયા પુરી કરવાની જરૂરીયાત નથી સરળીકરણ પધ્ધતિમાં બંધ કરવામાં આવતા એનએની તમામ કાર્યવાહી ઝડપી થતા બાંધકામ પ્રવૃત્તિમાં વેગ આવશે.

# પગલું માડું હું અવકાશમાં, જોઉં નીચે હરિવરનો હાથ

પગલું માડું હું અવકાશમાં.
જોઉં નીચે હરિવરનો હાથ.

-ઈશા કુન્દનિકા



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

આજના આ જેટ યુગમાં એકબીજા પ્રત્યેની સંવેદના અને અનુકંપા ઘટી છે. જયારે તેનો જ દેખાવ જાણે ખૂબ વધી ગયો છે. નાની - નાની વાતોમાં, sorry, thank you, love You અને miss you કહેવાનું પ્રમાણ ખૂબ વધ્યું છે પણ અંદરથી આપણે વધુ નિઃસ્પૃહી થતા ગયા હોઈએ તેમ લાગે ઓછે. હમણાં જ ખૂબ પ્રસિદ્ધ અને ચર્ચાસ્પદ રહેલી ફિલ્મ 'સંજુ' માં સંજય દત્તની ભૂલોનો નિખાલસ એકરાર આપણે સૌએ ખૂબ વખાણ્યો પણ ખરેખર આપણા જ ઘરમાં આવું કોઈ સભ્ય હોય તો તેનો સાથ આપણે આપી શકીએ ખરા? તેના પ્રત્યે આટલું ઉદાર વલણ દાખવી શકવું કદાચ આપણા માટે અશક્ય જ હોય !

દરેક મા-બાપ માટે પોતાનું બાળક અન્ય કરતાં વિશિષ્ટ જ હોય છે અને બાળક માટે પણ મા-બાપ તેનું વિશ્વ જ હોય એ સર્વસામાન્ય બાબત છે. ઘણીવાર ખૂબ મહાન બાપના બાલકો જાણે-અજાણ્યે એક માનસિક તણાવ અનુભવે છે. એક જાતનું ભારે 'પરફોર્મન્સ પ્રેશર' તેઓ સતત અનુભવ્યા જ કરતા હોય છે. મા-બાપ કરતાં સમાજની અપેક્ષા પૂરી કરવા જેવા કાર્યો કરી બેસીને મા-બાપના પ્રશ્નો વધારી મૂકે છે. આપણે હંમેશા પરિવારના સભ્યોને ખુશ કરવા ખુબ અઘરા અને અશક્ય કાર્યો પ્રયત્નશીલ રહીએ છીએ અને આવા સમયમાં નાની-નાની અને ક્ષુલ્લક બાબતોથી પણ પરિવારજનોને સુખી અને સંતુષ્ટ રાખી શકીએ તે બાબત સાવ જ ભૂલી બેસીએ છીએ. મકરન્દ દવે લિખિત શંકર-પાર્વતીની એક વાત કંઈક આવી જ વાત સૂચવે છે :

ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે ઉમાએ અતિ ઘોર તપશ્ચર્યા શરૂ કરી. શિયાળામાં તે હિમ-ઝરણાંમાં ઊભાં રહ્યાં, ઉનાળામાં પંચાગ્નિ તપ કર્યું અને ચોમાસામાં બારે મેઘ માથે ઝીલ્યા. આઠે પહોર એક ભગવાન શંકરનું જ રટણ તેના ચિત્તમાં રમવા માંડ્યું. દેવતાઓ પણ આવી ઉગ્ર તપસ્યા જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા. પણ ભગવાન શંકરનાં દર્શનની આછીપાતળી ઝાંખીએ ઉમાને ન થઈ.

ઉમાના પાતળા હોઠ કંપી ઉઠ્યા. અત્યાર સુધી તો કંદમૂળનો આહાર કરી તેને દેહને ટકાવી રાખ્યો હતો. હવે મુઠ્ઠીભર સૂકાં પાંદડાં જ ખાવાં તેને શરુ કર્યા. એકાગ્ર ચિત્તે ભગવાન શિવનું રાધાન કરતાં કરતાં એની નજર દૂર દૂર ક્ષિતિજ પર મંડાઈ રહેતી. કયાંય ચંદ્રમૌલિની ગૌર કાન્તિનો ઉદય થાય છે? કયાંયે નટરાજનો દિગંત ડોલાવતો ડમરુધ્વનિ સંભળાય છે? પણ એ આશા ફોગટ નીવડે. ઉમાએ મુઠ્ઠીભર પાંદડાં પર મુખમાં મૂકવાનું છોડી દીધું. દેવતાઓ હાહાકાર કરી ઊઠ્યા અને તેમણે પર્ણનો પણ ત્યાગ કરનારી ઉમાનું નામ રાખ્યું - અપર્ણા. સહુને થયું કે હવે તો વૃષભધ્વજને આ તરફ આવ્યા વિના છૂટકો નથી. પણ ભગવાન શંકરનું આસન ચલાયમાન ન થયું. આવા ભીષણ તપની જ્વાલાથી પણ ભગવાન શંકરની આનંદસમાધિને જાણે ઊની આંચ ન લાગી. મહર્ષિઓ, દેવગણો, યક્ષ-કિન્નરો સહુના વિસ્મયનો પાર ન રહ્યો.

પણ ભગવાન શંકરની ઉપેક્ષા અનહદ હતી, તો ઉમાની સહનશક્તિનેયે સીમા નહોતી. તેણે આથી પણ વધુ આકરી તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો. અત્યાર સુધી તો એ અંજલિ ભરી જળ પી લેતાં. રાતે થોડી વાર શનય કરતાં, થોડી નિદ્રા પણ આવી જતી. હવે એને જળનો ત્યાગ કર્યો, નિદ્રા છોડી અને એક પગે ઊભાં રહી ખુલ્લાં નેત્રે ભગવાન શંકરની પ્રતીક્ષા શરુ કરી. આંખનું મટકું પણ માર્યા વિના ઉમાએ ભગવાન શંકરના અખંડ ધ્યાનની લગની લગાવી. હવાના એક હિલોળાથી તેનું તપઃકૃશ શરીર કયાંયે ઊડી પડે એમ હતું, પણ અંતરના વ્રજનિશ્ચયથી એણે પગને હિમાલયની જેમ અડગ કરી દીધો. દેવતાઓએ અંતરીક્ષમાંથી હિલામયની પુત્રી પાર્વતી પર પ્રસન્નતાનાં ફૂલ વેર્યાં. પણ ભગવાન શંકરને પામવાની એની આશાલતાને કોઈ ફૂલ ન બેઠું.

ઉમાની તપસ્યા આગળ વધતી ચાલી. તેની એક પગે ઊભી રહેલી અચળ કાયાને ઉગતો સૂર્ય આશ્ચર્યથી જોઈ રહ્યો ને એવું જ આશ્ચર્ય લઈ આથમી જતો. ત્યાં એક દિવસ સાવ સામાન્ય બનાવ બન્યો.

ઉમા અડગ ઊભાં હતા. માથે આકરો ધોમ ધખતો હતો. બાજુના સુકાઈ જવા આવેલા સરોવરનું પાણી મરણાસન્ન વ્યક્તિની આંખ જેવું ચળકતું હતું. ત્યાં એક ડુક્કરનું બચ્ચું પાણી પીવા આવ્યું. સરોવરની ચારે તરફ કાદવકીચડ જામ્યો હતો. સહેલાઈથી ઊતરાય તેમ નહોતું. પણ પેલા બચ્ચાની છાતી તરસથી ફાટતી હશે. તે પાણી પીવા નીચે ઉતર્યું ને કાદવમાં ફસાઈ ગયું. બહાર નીકળવા એણે તરફડિયાં મારવાં શરુ કર્યાં. ઉમાની એના તરફ નજર ગઈ. તપશ્ચાભંગની બીકે તેણે તરત નજરને પાછી વાળીને શંકરના ધ્યાનમાં પરોવી. પણ આજે કેમેય કર્યું એનું ચિત્ત ધ્યાનમાં ચોંટ્યું નહીં. ઉમાના અંતરમાં કાંઈનું કાંઈ થવા માંડ્યું. પેલા ડુક્કરના બચ્ચા ભણી એની આંખો ફરી ફરીને ભમતી હતી. ઉમાનું અંતર ચિત્કાર કરી ઊઠ્યું. પેલું બચ્ચું જેમ જેમ બચવા માટે તરફડિયાં મારતું હતું, તેમ તેમ કાદવમાં વધુ ખૂચતું જતું હતું, હવે તો તેનું નાનકડું માથું જ દેખાતું હતું. અને એના પર કાદવ છવાતાં કેટલી વાર ?

ઉમાની ન રહેવાયું. એ તો જગન્માતા ખરાં ને ! આવી અડગ તપસ્યા છોડીને અંતે એ દોડ્યાં. ઊંચે શ્વાસે, પડતાં આખડતાં, પેલાં બચ્ચાને જલ્દી વહાલસોયા ખોળામાં ઊંચકી લેતા, પણ કદાચ પોતે ત્યાં પહોંચે એ પહેલાં બચ્ચું કાદવમાં ગરક થઈ જાય તો ? ઉમાએ એક ડુક્કરના બચ્ચા માટે આવડી મોટી તપસ્યાનું પુણ્યફળ હોમી દેતાં કહ્યું : 'દેવાધિદેવ, એ બચ્ચાને બચાવી લો ! બચાવી લો ! મારી તમારી તપસ્યાનું ફળ હું એના જીવન માટે સમર્પી દઉં છું.'

એક ડુક્કરને ખાતર ઉમા ડગી ગયાં તેથી દેવતાઓએ નિરાશ વદને માથું ધુણાવ્યું. પણ ત્યાં તો ડુક્કરના ડૂબતા બચ્ચાની જગ્યાએ ત્રિભુવનને ભરી દેતું પ્રભામંડળ રચાયું. ભગવાન શંકર પોતે પ્રગટ થયા અને ઉમાની પાસે આવી અત્યંત મધુર સ્વરે કહ્યું : 'શુભે, આ એક જ કૃત્યથી આજે તેં મને સદાને માટે ખરીદી લીધો છે. હું તારો ક્રીતદાસ છું. મારા એકાક અતિ શુદ્ર પ્રાણી તરફની જીવતી અનુકંપા કરોડો વર્ષોથી તપશ્ચર્યાથી પણ ચડી જાય છે.'

ભગવતી ઉમાની આંખો લજ્જા, ગૌરવ અને આનંદથી ધરતી ખોતરવા માંડી.

**Last Seen :**

જાશું જઈને કાળની ગરદન ઝુકાવશું,
સંસાર પરથી જુલ્મની હસ્તિ મિટાવશું...
મૃગજળને પી જશું અને ઘોળીને એક દી,
રણને અમારી પ્યાસનું પાણી બતાવશું.

- 'શૂન્ય પાલનપુરી'

- nehalgadhavi101@gmail.com

# લોકસભા ચૂંટણીના પતંગ ચગાવવા અને કાપવાની શરૂઆત



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

ભારતીય જનતા પક્ષમાં જ્યારથી નરેન્દ્ર મોદીના યુગનો ઉદય થયો છે ત્યારથી પ્રત્યેક દિવસ અને પ્રત્યેક સરકારી કાર્યક્રમ ચૂંટણીલક્ષી બની ગયાની અનુભૂતિ થયા કરે છે.લોકસભાની ચૂંટણી આડે હજુ ઘણા મહિના બાકી હોવા છતાં સતત ચૂંટણીનો જ માહોલ રચવામાં આવી રહ્યો છે. હજુ ડિસેમ્બર ૨૦૧૭માં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી ગઈ હોવા છતાં પૂર્ણ કક્ષાનું પ્રધાનમંડળ રચાયું નથી. આવતા દિવસોમાં ખાલી રહેલી ૬ પ્રધાનોની જગ્યાઓ ભરાશે કે સીધી જ લોકસભાની ચૂંટણી આવી પડશે, એ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જ કહી શકે. રાજકીય જ્યોતિષીઓને ખોટા પાડવા માટેની વ્યૂહરચના સાથે જ મોદી-શાહની જોડી કાર્યરત છે.શાહનો જુલાઈ ૨૦૧૮ના બીજા સપ્તાહનો ગુજરાતનો કાર્યક્રમ ''અનુ-બાવળિયા કવાયત'' યોજવા ઉપરાંત પક્ષના નારાજ નેતાઓના ''રાજીપા'' માટે અપેક્ષિત હતો. લોકસભાની ચૂંટણી પૂર્વે ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રચારકોની બેઠક સોમનાથમાં યોજવાનું નિમિત્ત પણ ઊભું થયું છે.ગયા વર્ષે એ બેઠક જમ્મૂમાં યોજાઈ હતી.

**બાવળિયાનું સાટું વાળવા કલસરિયા**

શાહના ગુજરાત પ્રવાસ પછી કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી થકી હજુ પણ વાડ કે વંડી ઠેકી જવા આતુર અસંતુષ્ટોને મનાવવા કે ''વિદાયમાન'' આપીને ભાજપ કે અન્ય પક્ષમાંથી કેટલાકને પોતાના વાડામાં વાળવાના પરિશ્રમ કાજે ગુજરાત આવવાનું આયોજન થયું. એ થોડું શુકનિયાળ પણ ગણાય.ભાજપના ધારાસભ્ય રહેલા મહુવાના સેવાભાવી આહીર અગ્રણી ડૉ.કનુભાઈ કલસરિયા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પાર્ટી ''આપ''માંથી ધારાસભા ચૂંટણી સમયથી કૉંગ્રેસમાં આવું આવું થઈ રહ્યા હતા,પણ એ વેળાના પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ એમણે ટાળ્યા હતા. હવે પ્રદેશ કૉંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે એમને દિલ્હીમાં રાહુલ ગાંધીની મુલાકાત કરાવીને કૉંગ્રેસમાં ભેળવી જ દીધા.ભાજપે કૉંગ્રેસના કુંવરજી બાવળિયાને પોતીકા સીધા મંત્રી બનાવી દીધા. એનું સાટું વાળવાના ઈરાદે કૉંગ્રેસે ડૉ.કનુભાઈને પોતાની છાવણીમાં સામેલ કરીને અમરેલીથી લોકસભાની ચૂંટણી લડાવવાનો મનસૂબો વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.બાવળિયા હોય કે કલસરિયા, બંને સરળ વ્યક્તિત્વો છે એટલે આજના આક્રમક રાજકારણના યુગમાં એમનું કેટલું વજન રહેશે, એ કહેવું મુશ્કેલ છે. ડિસેમ્બર ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી ટાણે મંદિર-મંદિર દ્વારેદ્વારે ફરી વળેલા રાહુલ આ વખતે ૧૬ જુલાઈથી ગુજરાતનો પ્રવાસ ખેડે ત્યારે બાપા સીતારામના બગદાણા સ્થાનકે જવા ઉપરાંત મહુવામાં મોરારિબાપુ સાથે મુલાકાત કરે એવું ગોઠવાયું છે.

**વડાપ્રધાન મોદી છવાયેલા રહેશે**

રાહુલબાબા આવે એટલે એમની અસર-નાબૂદીના ભાગરૂપે વડા પ્રધાન મોદી તો આવે જ આવે.આગામી ૨૦ જુલાઈએ એક જ દિવસમાં મોદી જૂનાગઢ,વલસાડ અને ગાંધીનગરનો ઝંઝાવાતી પ્રવાસ ખેડીને અમુક પ્રકલ્પોની શરૂઆત અને અમુકનાં લોકાર્પણ કરવાનું પસંદ કરી છવાયેલા રહેશે. હવે તો ચૂંટણીનો માહોલ રચાઈ ચૂક્યો છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણી સાથે જ લોકસભાની ચૂંટણી યોજવાનાં ગણિત મંડાઈ રહ્યાં છે.કારણ બહુ સ્પષ્ટ છે કે મે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મળેલી બેઠકો ભાજપ આ વખતે અંકે કરી શકવાની સ્થિતિમાં નથી.ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની નાજુક સ્થિતિ હોય ત્યારે લોકસભા ચૂંટણી પર એની પ્રતિકૂળ અસર પડવી સ્વાભાવિક છે.એટલે ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણી સાથે જ લોકસભાની ચૂંટણી પણ યોજાઈ શકે છે. ચાર રાજ્યોની વિધાનસભાઓની મુદત લંબાવીને લોકસભાની ચૂંટણી સાથે જ એમની ધારાસભાઓની ચૂંટણી કરવાનો વિકલ્પ પણ સત્તારૂઢ પક્ષે વિચારી જોયો,પણ એ જરા મુશ્કેલ લાગ્યો.અગાઉની પરંપરા જોતાં વહેલી ચૂંટણી કરવાનું વધુ સરળ રહે.

- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૨૬ બેઠકો મેળવવા અને વિપક્ષને તોડવાના અખતરા કરશે
- કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી પક્ષના સખળડખળ માળખાને મજબૂત કરવા ગુજરાતના ફેરા મારશે
- વિધાનસભાની ચૂંટણીની જેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતમુલાકાતો હવે વધતી જ રહેવાની
- યુવાત્રિપુટી ''રાજકીય સ્ટંટ'' તરીકે પણ આંદોલન કરીને ભાજપ માટે નવી મૂંઝવણો ઊભી કરતી રહેશે

**હવે ગુજરાતનું ચિત્ર બદલાયું છે**

ગુજરાતની તાસીર નિરાળી છે : ગઈ લોકસભાની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો કબજે કરવા પાછળ ભાવનાત્મક કારણ હતું કે એક ગરવા ગુજરાતીને વડા પ્રધાન બનાવવા ગુજરાતીઓ મત આપવાના હતા.ભાજપના વિજેતા ૨૬ સાંસદોમાંથી ૧૧ તો કૉંગ્રેસી ગોત્રના નેતા હતા. ભાજપની ચૂંટણી ઝુંબેશમાં નેહરુ-ઈન્દિરા-સોનિયા-રાહુલને ભાંડવામાં ભાજપની નેતાગીરી સાથે તેઓ પણ જોડાયા હતા. ભાજપ થકી વચનોની લહાણી ય કરાઈ હતી.અચ્છે દિન અને વિદેશથી સ્વિસ બૅંકમાંનું કાળું નાણું લઈ આવવાની ગળચટી વાતો ચગાવાઈ હતી. વર્ષે બે કરોડને રોજગારી આપવા અને બે કરોડ જેટલા ગેરકાયદે બાંગલાદેશી ઘૂસણખોરોને પરત મોકલવા માટે ખળિયાપોટલા તૈયાર રાખવાની ગર્જનાઓ કરાઈ હતી. ભાજપનો સંકલ્પપત્ર કે ચૂંટણી ઢંઢેરો હજુ પક્ષની સત્તાવાર વેબસાઈટ પર ઝગારા મારે છે.ચાર વર્ષ પછી જે ચિત્ર ઉપસ્યું છે એ નોખું છે.ગુજરાતમાં લોકસભા ચૂંટણી પછી જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ થઈ. ૩૧ જિલ્લા પંચાયતોમાંથી ૨૩ કૉંગ્રેસને ફાળે ગઈ.પાછળથી બે જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજાઈ. એમાંથી ખેડા ભાજપને ફળી, પણ બનાસકાંઠા તો કૉંગ્રેસને ફાળે જ ગઈ. ડિસેમ્બર ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણી પહેલાં કૉંગ્રેસના મહારથી શંકરસિંહ વાઘેલા સહિત ૧૪-૧૫ કૉંગ્રેસી ધારાસભ્યો ભાજપને રાજ્યસભા ચૂંટણીમાં ટેકો કરવા કામે વળ્યા. એ છતાં કૉંગ્રેસી ઉમેદવાર અહેમદ પટેલને જીતતા રોકી ના શકાયા.વિધાનસભાની ચૂંટણીમાં શંકરસિંહ અને સમર્થકો થકી દગો દેવાયા પછી પણ કૉંગ્રેસની બેઠકો વધવા પામી.હવે લોકસભાની ચૂંટણીમાં ભાજપ તમામ ૨૬ બેઠકો જીતવાનો દાવો ભલે કરે, કૉંગ્રેસ દસેક બેઠકો લઈ જાય એવી ગુપ્તચર માહિતીએ ભાજપની નેતાગીરીની નીંદર હરામ કરી દીધી છે. કહેવા પૂરતું ભલે એમ કહેવાય કે ''પાસ''ના આગેવાન ૨૪ વર્ષીય હાર્દિક પટેલ, કૉંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની યુવાત્રિપુટી થકી કૉંગ્રેસ આગેકૂચ કરી રહી છે,પણ જેની ન્યૂસંસ વેલ્યુને પણ ગંભીરતાથી લેવાતી નહોતી,એ ત્રિપુટીનો આટલો બધો ખોફ સત્તાપક્ષને શાને? હવે એ ત્રિપુટી ફરી પાછી સક્રિય થઈ છે. બીજી બાજુ, ભાજપ થકી કૉંગ્રેસ હસ્તકની જિલ્લા પંચાયતો તોડવા કે ધારાસભ્યોને પોતાની સાથે જોડવાની પ્રક્રિયા ચલાવાઈ રહી છે.

**એકમેકના ગઢમાં ગાબડાં પડાશે**

ભાજપના ઈતિહાસમાં અભૂતપૂર્વ એવી ઘટના તો કૉંગ્રેસના વરિષ્ઠ નેતા કુંવરજી બાવળિયાને સવારે પક્ષમાં પ્રવેશ આપીને સાંજ પહેલાં કેબિનેટ પ્રધાન બનાવી દેવાયા, એને ગણાવી શકાય.ભાજપના નેતાઓ ખુલ્લેઆમ અસંતોષ વ્યક્ત કરવા ટીવી ચેનલો પર આવે છે અને મોવડીમંડળ ઠપકો આપે એટલે ફેરવી તોળે છે. પક્ષમાં અસંતોષ ગમે ત્યારે ભડાકા પેદા કરી શકે છે.ભાજપમાં સબ સલામતની આહ્લ?લેક ભલે જગવાય,પણ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ત્રાગું કરીને નાણા ખાતું મેળવવું પડે કે અસંતોષ

અનુસંધાન પાના નં ૭ પર